# ધોરણ 8 સામાજિક વિજ્ઞાન

તારીખ : 02-10-2021

ch 19

સમય : 0 મિનિટ

8th s.s

કુલ ગુણ : 20

*** માગ્યા મુજબ જવાબ આપો: (દરેકનો 1 ગુણ)** [4]

1. કેવા સંજોગોમાં રાજકીય સ્વતંત્રતાનો કોઈ અર્થ રહેતો નથી?

   **જવાબ :** સમાજના આર્થિક તેમજ માનસીક વિકાસ વગરના રાજકીય સ્વતંત્રતાનો કોઈ અર્થ રહેતો નથી.

2. માનવીની મૂળભૂત જરૂરિયાતો કઈ કઈ છે?

   **જવાબ :** વર્તમાન સમયમાં શિક્ષણ, આરોગ્ય, શુધ્ધ પાણી, શુધ્ધ હવા, પોષક આહાર તેમજ આનંદ પ્રમોદ મનુષ્યની મૂળભૂત જરૂરિયાતો ગણાય છે.

3. દેશમાં “શ્વેતક્રાંતિ' થી કયો લાભ થયો છે?

   **જવાબ :** દેશમાં થયેલ શ્વેતક્રાંતિથી ભારતમાં સહકારી ક્ષેત્રે પશુપાલન અને દૂધ ઉત્પાદન કરતા ઉત્પાદકો અને ખેડૂતોની આર્થિક અને સામાજિક સ્તરમાં સુધારો થયો. દૂધ અને દૂધની બનાવટમાં દેશ આત્મનિર્ભર બન્યો છે.

4. સરકારની આવકના સ્ત્રોત કયા છે? કોઈ બે સ્ત્રોત અંગે લખો ?

   **જવાબ :** સરકારની આવકના મુખ્ય સ્ત્રોત વિવિધ પ્રકારના કર છે. દા.ત. ઈન્કમટેક્ષ, સેલટેક્ષ, જી.એસ.ટી વ્યવસાય વેરો વગેરે.

*** નીચે આપેલ પ્રશ્નોના સંક્ષિપ્ત જવાબ આપો : (દરેક પ્રશ્નના 2 ગુણ છે.)** [2]

5. કેટલીક વસ્તુઓ ઉપર વધારાનો ટેક્ષ નાખવાની જરૂરિયાત સમજાવો.

   **જવાબ :**

   - સરકાર વિવિધ લોક કલ્યાણના કાર્યો વિવિધ પ્રકારના કર ઉઘરાવવી તેની આવકમાંથી કરે છે.
   - સરકાર પરિવહનની સેવાઓ પાણી વિતરણ સસ્તા અનાજની દુકાનો નફાના હેતુ વિના ચલાવે છે.
   - સરકારના કેટલાક વિભાગો ખોટમાં ચાલે છે. તેથી સરકાર મોજશોખની વસ્તુઓ પર વધારે ટેક્સ (કર) નાંખીને આવક ઊભી કરે છે.

*** નીચે આપેલ પ્રશ્નોના મુદ્દાસર જવાબ આપો : (દરેક પ્રશ્નના 3 ગુણ છે.)** [9]

6. ખેતી અને પશુપાલનના ક્ષેત્રે થયેલ વિકાસ અને તેની ખેડૂતોનાં જીવનધોરણ ઉપર થયેલી અસર સમજાવો.

   **જવાબ :**

   - ખેતી અને પશુપાલનના ક્ષેત્રે થયેલ વિકાસને કારણે ખેડૂતોનું આર્થિક અને સામાજિક સ્તર ઊંચું આવ્યું. કૃષિ યુનિવર્સીટી દ્વારા સુધારેલા બિયારણો, ખેત પધ્ધતિઓ અને માર્ગદર્શનને કારણે ઉન્નત પેદાશો દ્વારા કૃષિ આવકમાં નોંધપાત્ર વધારો થયો છે.
   - કૃષિક્ષેત્રે ખાતર બિયારણો અને દૂધ ઉત્પાદન ક્ષેત્રે સસ્કારી પ્રવૃતિઓ મોટા પ્રમાણમાં સફળ નિવળી છે.
   - જેથી ખેડૂતોનું થતું શોષણ અટકયુ છે. માર્કેટયાર્ડ દ્વારા ખેડૂતોને ઉત્પાદનોનો મહત્મ ભાવ અને તરત આવક પ્રાપ્ત થાય છે.
   - સરકાર દ્વારા સબસિડી અને સસ્તા વ્યાજના દરની લોન ખેડૂતો અને પશુપાલકો માટે ઉપયોગી થઈ છે.
   - આમ આ ક્ષેત્રમાં થયેલા સુધારા ખેડૂતોના જીવનમાં આમૂલ પરિવર્તન લાવ્યું છે.

7. સ્પેશિયલ ઈન્ડસ્ટ્રિયલ ઝોનમાં ઉદ્યોગ શરૂ કરવાથી મળતા લાભો સમજાવો.

   **જવાબ :**

   - SEZ માં ઉદ્યોગ શરૂ કરવાથી મળતા લાભો: કાચામાલની આયાત પર વેરામાંથી મુક્તિ એક્સાઈઝ ડ્યૂટીમાંથી મુક્તિ સેલ્સ ટેક્ષ વેટમાં રીફંડ સેન્ટ્રલ સર્વિસ ટેક્ષમાંથી મુક્તિ સ્ટેમ્પ ડ્યુટી અને નોંધણી ફીમાં 50 % રાહત મોગેંરેજ પર સ્ટેમ્પ ડ્યુટીમાં 50 % ની છૂટ આવક વેરામાં છૂટ (5 વર્ષ માટે 100 %, પછીના 5 વર્ષ માટે 50 % અને ત્યાર પછીના 5 વર્ષથી નિકાસના નફાના 50%) ન્યૂનતમ રકમની કોઈ મર્યાદા નથી.

8. કૃષિના ક્ષેત્રે આવેલ પરિવર્તન

   **જવાબ :** ભારત કૃષિપ્રધાન દેશ છે. કૃષિ ભારતનો મુખ્ય વ્યવસાય છે. ભારતમાં કૃષિ માટે પૂરતી જમીન છે. પરંતુ પરંપરાગત સાધનોથી ખેતી થતી હોવાથી ઉત્પાદન ઘણું ઓછું થાય છે. આઝાદી પછી પંચવર્ષીય યોજનાઓમાં કૃષિક્ષેત્રનો વિકાસ કરવા પગલાં ભરવામાં આવ્યાં. સુધારેલાં બિયારણો, રાસાયણિક ખાતરોનો વધેલો ઉપયોગ, ખેડૂતોનો પુરુષાર્થ, વીજવિતરણની વ્યવસ્થા, સિંચાઈની વધેલી સવલતો વગેરે પરિબળોથી ખેતીનાં ઉત્પાદનોમાં અસાધારણ વધારો થયો. ભારત અન્નના ઉત્પાદન ક્ષેત્રે સ્વાવલંબી બન્યું. દેશમાં હરિયાળી ક્રાંતિ થઈ. ખેતીના સ્તરને સુધારવા માટે અને ખેડૂતોને કૃષિલક્ષી માર્ગદર્શન આપવામાં સહકારી પ્રવૃત્તિનો નોંધપાત્ર ફાળો રહ્યો છે. હરિયાળી ક્રાંતિથી ઘઉં અને ડાંગરના પાકના ઉત્પાદનમાં વિક્રમજનક ઉત્પાદન થયું છે. દેશમાં પહેલાં જ્યાં ખાદ્ય અનાજની અછત હતી ત્યાં આજે અનાજના પર્યાપ્ત ભંડારો છે. અનાજના બફર સ્ટૉકને કારણે દુકાળ કે અછતની પરિસ્થિતિનો સરળતાથી સામનો કરી શકાયો છે.

*** નીચેના પ્રશ્નોનાં મુદ્દાસર ઉત્તર લખો. (દરેક પ્રશ્નના 5 ગુણ છે.)** [5]

9. ટૂંકનોંધ લખો : શિક્ષણ અને આરોગ્યના ક્ષેત્રે સરકારની ભૂમિકા



Get More Learning Materials Here : CLICK HERE www.studentbro.in

**જવાબ :**

- સ્વતંત્રતા અગાઉ શિક્ષણ અને આરોગ્યની બાબતમાં લોકો ઓછા જાગૃત હતા.
- ભારત ગામડાઓથી બનેલો દેશ હતો. તેમાં પ્રાથમિક શિક્ષણ તેમજ આરોગ્યની ખાસ સુવિધાઓ ન હતી.
- લોકશાહીને સફળ બનાવવા પણ શિક્ષણના પ્રસારની જરૂરિયાત હતી.
- સરકાર દ્વારા તેમજ કેટલાક અંશે જાહેર સંસ્થાઓ મંડળો દ્વારા તે ક્ષેત્રમાં ખૂબ જ સારા પ્રયત્નો થયા છે.
- દરેક ગામમાં શાળાનું સ્વપ્ન મહદંશે સિદ્ધ થયું છે. આરોગ્યની સુવિધા ઉપલબ્ધ કરાવવી એટલી જ જરૂરી હતી.
- આ ક્ષેત્રમાં ખૂબ જ કામ કરવા છતાં હજુ સારવારના અભાવે બાળકો તેમજ પ્રસૂતાઓનાં મૃત્યુની ઘટનાઓ જોવા મળે છે.
- ગ્રામ્ય કક્ષા સુધી આરોગ્ય કાર્યકર્તાઓ હોવા છતાં કેટલીક ગેરમાન્યતાઓના કારણે લોકો સુવિધાનો લાભ ન લેતા હોય તેવા પ્રસંગો પણ બને છે.
- આમ છતાં આ ક્ષેત્રમાં ખૂબ જ સારા પ્રયત્નો થયા છે.

----- -----



Get More Learning Materials Here : CLICK HERE www.studentbro.in